E-auction bid form Declaration, General Terms and Conditions of online auction sale are available in websites- **https://www.bankofindia.co.in**

Bidder may visit URL: **https://BAANKNET.com** , where "Guidelines" for Bidders are available with educational videos. Bidders have to complete following formalities well in advance:-

- **Step 1:** Bidder / Purchaser Registration: Bidder to Register on e-Auction portal URL: **https://BAANKNET.com** using his mobile no. and E-mail ID. (PDF(Buyer Manual) describing the step by step process for registration is available for download in the home page under Help option at the bottom of the page.)
- **Step 2:** KYC Verification: Bidder to upload requisite KYC documents. KYC documents shall be verified by e-auction service provider (may take 2 working days).
- **Step 3:** Transfer of EMD amount to his global EMD wallet: Online /Off-line transfer of funds using NEFT / Transfer, using challan generated on E-auction portal.
- **Step 1 to Step 3** should be completed by bidder well in advance, before e-auction date. Bidder may also visit : **https://BAANKNET.com** for registration and bidding guidelines
- Helpline Details / Contact Person Details of : **BAANKNET**

| Name | Team | Number | e-Mail |
|---|---|---|---|
| Helpdesk Number | PSB Alliance | 8291220220 | support.ebkray@psballiance.com support.ebkray@procure247.com |
| Mr. Dharmesh Asher | PSB Alliance | 9892219848 | avp.projectmanager2@psballiance.com |
| Mr. Sudhir Panchal | iSourcing Technology | 8160205051 | sudhir@procure247.com |

1. Intending bidders shall hold a valid e-mail address, for further details and query please contact **BAANKN** Helpdesk Number 8291220220 Helpline e-mail ID support.BAANKNET@psballiance.com and support.ebkray@procure247.com
2. To the best of knowledge and information of the authorized officer there is no encumbrances on the property/ies. However, the intending bidders should make their own independent inquiries regarding the encumbrances, title of the property/ies put on auction and claims/rights/dues effecting the property, prior to submitting their bid. The e-auction advertisement does not constitute and will not be deemed to constitute any commitment or any representation of the bank. The property is being sold with all the existing and future encumbrances whether known or unknown to the bank. The authorized officer/secured creditor shall not be responsible in any way for any third party claims/rights/dues. No claim of whatsoever nature will be entertained after submission of the online bid regarding property/ies put for sale.
3. Earnest money deposit (EMD) shall be deposited through RTGS/NEFT/Fund Transfer to the bank account as guided and mentioned in : **https://BAANKNET.com** portal before participating in the bid online.
4. The KYC documents are 1.Proof of Identification (KYC) viz. Voter ID Card/Driving License/Passport 2. Current Address Proof for communication 3. PAN Card of the bidder 4. Valid e-mail ID/contact number of the bidder etc.
5. Date of inspection will be as mentioned in the table above with prior appointment with above mentioned contact numbers.
6. Prospective bidders may avail online training on e-auction from : **https://BAANKNET.com** portal.
7. Bids shall be submitted through online procedure only in the prescribed formats with relevant details.
8. Bidders shall be deemed to have read and understood the terms and conditions of sale and be bound by them.
9. The bid price to be submitted shall be above the reserve rice and bidders shall improve their further offers in multiples of **Rs. 10,000/- (Rupees Ten Thousand) for Reserve Price up to Rs.20.00 lakhs/Rs. 25,000/- (Rupees Twenty Five Thousand) For Reserve Price above 20.00 – uo to 50.00 lakhs/ Rs.50,000/-(Rupees Fifty thousand) For Reserve Price above 50.00- Up to 1.00 Crore / Rs.1.00 (Rs. One Lakh) For Reserve Price above 1.00 Crore –up to 5.00 Crore / Rs. 5.00 Lakhs (Rupees Five Lakhs) for Reserve price above Rs.5 Crore –up to Rs.10.00 Crore/ and 10.00 Lakhs (Rupees Ten Lakhs) for Reserve Price above Rs.10 Crore.**
10. It shall be the responsibility of the interested bidders to inspect and satisfy themselves about the property before submission of the bid.
11. The earnest money deposit (EMD) of the successful bidder shall be retained towards part sale consideration and the EMD of the unsuccessful bidder will be returned on the closure of the e-auction sale proceedings.
12. The earnest money deposit shall not bear any interest the successful bidder shall have to pay 25% of the purchased amount (including earnest money already paid immediately on acceptance of bid price by authorized officer on the same day or maximum by next day and the balance of the sale price on or before 15th day of sale. The auction sale is subject to confirmation by the bank. Default in deposit of the amount by the successful bidder at any stage would entail forfeiture of the whole money already deposited and property shall be put to re-auction and the defaulting bidder shall have no claim/right in respect of the property/amount.
13. The prospective qualified bidders may avail online training on e-auction from : **https://BAANKNET.com** portal prior to the date of e-auction neither the authorized officer nor the bank will be held responsible for any internet network problem power failure, any other technical lapse/failure etc. in order to ward off such contingent situation the interested are requested to ensure that they are technically well equipped with adequate power backup etc. for successfully participating in the e-auction event.
14. Purchaser shall bear the stamp duties charges including those of sale certificate / registration/ charges including all statutory dues payable to the government, taxes and rates and outgoing both existing and future relating to the property.
15. Buyer shall bear the TDS wherever applicable including other statutory dues, registration charges, stamp duty etc.
16. The authorized officer/ bank is not bound to accept the highest offer and has absolute right and discretion to accept or reject any or all offers or adjourn /postpone/cancel the e-auction or withdraw any property or portion there-of from the auction proceeding at any stage without assigning any reason there for.
17. The sale certificate will be issued in the name of the purchaser(s)/applicant(s) only and will not be issued in any other name(s).
18. The sale shall be subject to rules/conditions prescribed under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002. Further details inquiries if any on the terms and conditions of sale can be obtained from the contact numbers given.
19. If any participant deposits the EMD after registering himself and afterwards opt to not to bid, can reverse the bid amount through system as specified in : **https://BAANKNET.com** portal.
20. GST, wherever applicable, to be borne by successful bidder.

**SALE NOTICE TO BORROWER/ GUARANTORS**

The undersigned being the Authorized Officers of Bank of India are having full powers to issue this notice of sale and exercise all powers of sale under securitization and reconstruction of financial assets and Enforcement of Security Interest Act, 2002 and the rules framed there under. You have committed default in payment of the dues with interest, cost and charges etc. in respect of the advances granted by the bank mentioned above. Hence, the Bank has issued demand notices to all of you under section 13(2) to pay the amount mentioned there on within 60 days. You have failed to pay the amount even after the expiry of 60 days. Therefore, the Authorized Officers in exercise of the powers conferred under section 13(4), took possession of the secured assets more particularly described in the schedule mentioned above. Notice is hereby given to you to pay the sum as mentioned above before the date fixed for sale, failing which the property will be sold and balance due if any will be recovered with interest and cost from you. Please note that all expenses pertaining to demand notice, taking possession, valuation and sale of assets etc. shall be first deducted from the sale proceeds which may be realized by the undersigned and the balance of the sale proceeds will be appropriated towards your liability as aforesaid. You are at liberty to participate in the auction to be held on the terms and conditions thereof including deposit of earnest money.

**Sd/-**
**Authorized Officer**
**Asset Recovery Management Services Branch**
**Bank of India**
**Date: 19.08.2025**
**Place: Mumbai**

# કપરાડા 7.4, વાપી-પારડી 4.5, ધરમપુર-ઉમરગામ 4-4, વલસાડમાં 2.5 ઇંચ વરસાદ

**વલસાડ** જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી નીચાણવાળા અનેક વિસ્તારો પાણીમાં ગરક

**ધરમપુર** અને કપરાડાના જંગલ વિસ્તારમાં ભારે વરસાદથી મધુબન ડેમના 10 દરવાજા ખોલવા પડ્યા



**વલસાડ જિલ્લાનો 24 કલાકનો વરસાદ**

| તાલુકો | વરસાદ ઇંચમાં |
|---|---|
| કપરાડા | 7.4 |
| વાપી | 4.5 |
| પારડી | 4.4 |
| ધરમપુર | 4 |
| ઉમરગામ | 4 |
| વલસાડ | 2.5 |

વલસાડ : વલસાડ જિલ્લામાં મોસમના આખરી ચરણમાં ભારે વરસાદ શરૂ થયો છે. બુધવારે સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. જેમાં ધરમપુર અને કપરાડાના જંગલ વિસ્તારમાં ભારે વરસાદ નોંધાયો હતો. જેના કારણે મધુબન ડેમના 10 દરવાજા પણ ખોલવા પડ્યા હતા. વાપીમાં ભારે વરસાદના પગલે અન્ડર પાસમાં પણ પાણી ભરાઇ ગયા હતા. વલસાડમાં બુધવારે સવારથી સમગ્ર જિલ્લામાં ભારે વરસાદ શરૂ થયો હતો. જેમાં ધરમપુર-કપરાડા સિવાય પારડી અને વાપીમાં પણ ભારે વરસાદ જોવા મળ્યો હતો. પારડીમાં બપોરે ચાર કલાકમા 3.5 ઇંચ અને વાપીમાં 4 ઇંચ વરસાદ ખાબક્યો હતો. વાપીમાં સતત વરસાદથી શહેરમાં પાણી ભરાઇ ગયા હતા. ખાસ કરીને વાપી અન્ડર પાસમાં પાણીનો ભરાવો થઇ ગયો હતો.

આ સિવાય વલસાડમાં પણ બપોરે 2 વાગ્યા પછી સુસવાટા ભર્યા પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જેના કારણે અનેક માર્ગો પાણીમાં ગરકાવ થઇ જતા વાહન વ્યવહારને માઠી અસર પહોંચી હતી.

વલસાડ જિલ્લામાં બુધવારે સવારથી સાંજ સુધીમાં સરેરાશ 4 ઇંચ વરસાદ નોંધાઇ ગયો હતો. જેમાં સૌથી વધુ સૌથી વધુ 7.4 ઇંચ વરસાદ કપરાડામાં નોંધાયો હતો.

જ્યારે સૌથી ઓછો બે ઇંચ વરસાદ વલસાડમાં નોંધાયો હતો. જોકે, વલસાડમાં પણ આટલા વરસાદના કરાણે વાતાવરણ પલટાયું હતુ.

## પારડીના કાંઠા વિસ્તારમાં મિની વાવાઝોડાની જેમ ભારે પવન ફૂંકાયો

પારડી : પારડીમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગને લઇ સર્વત્ર પંથકમાં પાણી પાણી થઇ જવા પામ્યું છે. પારડી શહેર અને તાલુકાના ગામડાઓમાં ભારે વરસાદ ખાબક્યો હતો. પારડી તાલુકાના કાંઠા વિસ્તારમાં મિની વાવાઝોડાની જેમ ભારે પવન ફુંકાતા વૃક્ષો ડોલતા નજરે પડ્યા હતા. તો બીજી તરફ નેશનલ હાઇવે સહિતના માર્ગો પર પાણી ભરાતા વાહનોની ગતિ ધીમી પડી હતી. નદી-નાળાઓમાં પાણીની આવકમાં વધારો થયો હતો. બુધવારના વહેલી સવારથી ધોધમાર વરસાદને લઇ શાળાએ જતા બાળકો, નોકરિયાતો મુંઝવણમાં મુકાયા હતા. વરસાદને લઇ ઠેર-ઠેર પાણી ભરાતા જનજીવનને અસર વર્તાઈ હતી.



## વાપીના નાના-મોટા ગરનાળામાં પાણી ભરાતા વાહનવ્યવહાર ઠપ

વાપી : બુધવારે વાપી તાલુકામાં સવારથી જ મેઘરાજા મનમૂકીને વરસ્યા હતા. એકધારો વરસાદ થવાને લઇ વાપી તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતાં. ચલા મુક્તાનંદ માર્ગ ઉપર પાણી ભરાયું હતું. આ ઉપરાંત વાપીના નાના-મોટા ગરનાળામાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસાનું પાણી ભરાઇ જતા વાપીના રહીશો તથા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતાં. અંડરબ્રિજમાં પાણીમાં ભરાવાને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. ટ્રાફિકનું સીધુ ભારણ વાપી ફાટક તથા બલીઠા ફાટક અને ઓવરબ્રિજ ઉપર આવ્યો હતો. જ્યારે બીજી તરફ વાપી તથા બલીઠાના ખરાબ માર્ગને લઈ વાહનચાલકો તોબા પોકારી રહ્યા છે. ખરાબ માર્ગને લઈ વાહનોની ગતિમર્યાદા પણ ધીમી પડી રહી છે.

## કપરાડા તાલુકામાં ધોધમાર વરસાદથી નદીઓ બે કાંઠે વહેતી થઇ

**સંખ્યાબંધ** સ્થળોએ નીચા કોઝવે ડૂબી જતાં શિક્ષકો, તલાટીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓ, સ્થાનિકો અટવાયા



કપરાડાના કરચોંડ ગામના પુલ પર પાણી ફરી વળ્યા

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં બુધવારે બપોર સુધીમાં સૌથી વધુ 154 મી.મી. (6 ઇંચ) વરસાદ વરસતા જનજીવનને ગંભીર અસર પહોંચી હતી. તેમાંયે સવારે 10 થી 12 વાગ્યા સુધી માત્ર 2 કલાકમાં જ 78 મી.મી.એટલે કે 3 ઇંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદને લઈ તાલુકાના કોઝવે ઉપરથી પાણી ફરી વળતા કેટલાય ગામોનો મુખ્ય રસ્તાઓથી સંપર્ક કપાયો હતો. શાળાઓમાં જતાં શિક્ષકો, તલાટીઓ સહિત વિવિધ કામો અર્થે કપરાડા કે નાનાપોંઢા સુથાર પાડા જતાં લોકો અટવાયા હતા. તેઓને 10 થી15 કી.મી.ફરીને જવાની ફરજ પડી હતી. તાલુકાના ગાઢવી અને ધારણમાળ ગામ વચ્ચેથી પસાર થતી ખાડીમા પાણીનું લેવલ વધતા ખાડીના પાણી કોઝવે પર ફરી વળ્યા હતા. આથી બંને તરફના ગામોનો સંપર્ક કપાઈ જતા લોકો પરેશાન થયા હતા.. કેટલાક સ્થળોએ જીવના જોખમે ધસમસતા પાણી વચ્ચેથી લોકો પસાર થતા જોવા મળ્યા હતા. વરસાદના પગલે તાલુકામાંથી પસાર થતી પાર, કોલક, દમણ ગંગા નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી.

## બુરવડ ગામમાં કૂવો ધસી પડ્યો

કપરાડા તાલુકામાં ભારે વરસાદના પગલે બુધવારે સવારે બુરવડ ગામના સાંમર પાડા ફળિયામાં આવેલો કૂવો ધસી પડ્યો હતો. જોકે ઘટના સમયે કૂવા નજીક કોઈ ન હોઈ કોઈ દુર્ઘટના સર્જાઈ ન હતી. ઘટના અંગે તલાટી દ્વારા કપરાડા વહીવટીતંત્રને જાણ કરવામાં આવી હતી.

## દમણમાં 3.40 ઇંચ વરસાદથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં



દમણ : સંઘપ્રદેશ દમણમાં બુધવારે વહેલી સવારથી જ ભારે વરસાદ વરસવાનું શરૂ થયું હતું. પ્રદેશમાં પડેલા ધોધમાર વરસાદના કારણે દુનેઠા તથા અન્ય વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોના નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહન ચાલકો અને કામદારોએ પારાવાર મુશ્કેલીનો સામનો કરી રસ્તા પરથી પસાર થવું પડ્યું હતું. આ તરફ ઉપરવાસમાં પડી રહેલા ધોધમાર વરસાદના કારણે મધુબન ડેમમાંથી 1.22 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા દમણગંગા નદી ગાંડીતૂર બની બે કાંઠે વહેતી જોવા મળી હતી. દમણમાં સવારે 8 થી સાંજે 5 વાગ્યા દરમ્યાન 3.40 ઇંચ જેટલો વરસાદ વરસવા પામ્યો હતો. ત્યારે આગામી 26 ઓગસ્ટ સુધી દાનહ દમણ તથા આસપાસના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

## ડાંગ જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી નદીઓનાં વહેણ તેજ બન્યા

**ભારે** વરસાદથી ગીરાધોધ, શિવઘાટ ધોધ અને આંકડાનો ધોધ સોળે કળાએ ખીલી ઊઠ્યા



**ડાંગ જિલ્લાનો 24 કલાકનો વરસાદ**

| | |
|---|---|
| વઘઇ | 3.4 ઇંચ |
| આહવા | 2.48 ઇંચ |
| સુબીર | 2.08 ઇંચ |
| સાપુતારા | 1.72 ઇંચ |

ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી. મંગળવારે મોડી સાંજથી બુધવારે દિવસ દરમ્યાન ગિરિમથક સાપુતારા, શામગહાન, સાકરપાતળ, વઘઇ, ચીકાર, ઝાવડા, ભેંસકાતરી, કાલીબેલ, પીંપરી, બરડીપાડા, આહવા, પીપલદહાડ, પીપલાઇદેવી, ચિંચલી, ગારખડી, બોરખલ, ગલકુંડ, સુબિર, સિંગાણા સહીત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં વરસાદ તૂટી પડ્યો હતો. ડાંગ જિલ્લામાં વરસાદી માહોલનાં પગલે લોકમાતાઓમાં અંબિકા, ખાપરી, પૂર્ણા, ગીરા અને ધોધડ નદીનાં વહેણ તેજ બનતા બંને કાંઠે થઈ વહેતી હતી. વરસાદી માહોલ જામતા વઘઇનો ગીરાધોધ અને ગિરમાળનો ગીરાધોધ, શિવઘાટનો ધોધ અને આંકડાનો ધોધ સોળે કળાએ ખીલી ઉઠ્યા હતા. ગિરિમથક સાપુતારા ખાતે વરસાદી હેલીઓની વચ્ચે ગાઢ ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા જોવાલાયક સ્થળો આહલાદક બની જવા પામ્યા હતા. ડાંગ જિલ્લામાં 24 કલાકમાં વઘઇ પંથકમાં 85 મીમી અર્થાત 3.4 ઇંચ, આહવા પંથકમાં 62 મીમી અર્થાત 2.48 ઇંચ, સુબીર પંથકમાં 52 મીમી અર્થાત 2.08 ઇંચ જ્યારે સાપુતારા પંથકમાં 43 મીમી અર્થાત 1.72 ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

### ડાંગમાં બે માર્ગ અવરોધાયા, બળદ તણાયો

સાપુતારા : ડાંગ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ બે જેટલા માર્ગો અવરોધાતા તે બંધ થવા પામ્યા છે. જેને પગલે ત્યાંનું જનજીવન પ્રભાવિત થવા પામ્યુ છે. તેમાં (૧) ખાતળ ફાટકથી ઘોડી રોડ, અને (૨) ઘોડવહળ વી.એ. રોડનો સમાવેશ થાય છે. આ સાથે સુબિર તાલુકાના બહેડુન ગામના પશુપાલક ચીમનભાઈ મનસુભાઈ બહિરામની માલિકીનો એક બળદ પુરમા તણાઈ જતા મૃત્યુ પામ્યો હતો.

### અગ્રણીઓએ આંદોલનની ચીમકી ઉચ્ચારતા તંત્ર દોડતું થયું

## ઉમરગામમાં ઓવરબ્રિજ બન્યા પછી સાંકડા સર્વિસ રોડની સમસ્યા હલ કરવા તંત્રની કવાયત

**પૂર્વની** જેમ પશ્ચિમમાં પણ સેન્ટરથી 15 મીટરનું માર્જિન નક્કી કરી રોડ પહોળો કરવા લાઈન દોરીમાં આવતા દબાણો દૂર કરવા નિર્ણય લેવાયો



ઉમેશ સોલંકી

ઉમરગામઃ ઉમરગામ સ્ટેશન સોળસુંબા પૂર્વ અને પશ્ચિમને જોડતો રેલવે ઓવરબ્રિજ બન્યા પછી સર્વિસ રોડ ખૂબ જ સાંકડો થઈ જતા મોટા વાહનો પસાર થઈ શકતા નથી, સર્વિસ રોડ પહોળો કરવા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય રમણ પાટકર, વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા તથા વલસાડ સ્ટેટ માર્ગ અને મકાન ખાતાના અધિકારી જતીન પટેલને રજૂઆતો કરી પછી પણ કોઈ જ પરિણામ આવ્યું ન હતું. આખરે સોમવારે અગ્રણીઓ ધારાસભ્ય રમણ પાટકરને મળતા રમણ પાટકર બુધવારે સ્ટેટ માર્ગ અને મકાન ખાતાના અધિકારી, મામલતદારને સોળસુંબા બોલાવી લોકો સાથે બેઠક કરી હતી.

બેઠકમાં એવી પણ વિગતો બહાર આવી હતી કે પૂર્વમાં 15 મીટરનું માર્જિન નક્કી થયું હતું અને પશ્ચિમમાં 13 મીટરનું માર્જિન રાખવા જે તે સમયે સોલસુંબા વિસ્તારના અગ્રણીઓએ ભલામણ કરી હતી. બાકી તે સમયે 15 મીટરનું માર્જિન નક્કી થયું હોત તે તો આજે સાંકડો સર્વિસ રોડ અને ટ્રાફિકની સમસ્યાથી લોકોને પરેશાન થવું ન પડતે, આ બેઠકમાં સોળસુબામાં આંતરિક રાજકીય ડખો પણ સપાટી પર આવેલો જોવા મળ્યો હતો. જો કે સમગ્ર ચર્ચામાં અંતે પૂર્વની જેમ જ પશ્ચિમમાં પણ સેન્ટરથી 15 મીટર માર્જિન નક્કી કરી બંને સાઇડ બે બે મીટર રોડ પહોળો કરવા નિર્ણય લેવાયો હતો.

અધિકારી જતીન પટેલે જાણકારી આપી હતી કે પશ્ચિમમાં 13 મીટર રોડ માટે જગ્યા સંપાદનની કાર્યવાહી કરવામાં આવી હતી. કેટલીક જગ્યાએ દબાણો દૂર કરવાના બાકી છે તે તાત્કાલિક દૂર કરાશે. વધુમાં 15 મીટર પ્રમાણે પશ્ચિમમાં પણ બંને સાઈડ બબ્બે મીટર રોડ પહોળો કરવા જમીન સંપાદનની કાર્યવાહી માટે કલેક્ટરમાં દરખાસ્ત મોકલવામાં આવી છે.

### બેઠકમાં સરપંચ-સભ્ય વચ્ચે તું તું મેં મેં

ઉમરગામઃ બેઠક દરમિયાન સરપંચ- સભ્ય વચ્ચે તું તું મેં મેં થઇ હતી. સરપંચ કરસન ભરવાડે આક્ષેપ લગાવ્યો હતો કે પંચાયતના સભ્ય સાધનાબેને ચાર માળની બિલ્ડિંગ તાંણી બાંધી છે અને હજી સુધી ઠરાવ લીધો નથી. પંચાયતની બાંધકામની પરવાનગી લીધી નથી. પોતાના પ્રોબ્લેમ કહેતા નથી અને બીજાની મેટરમાં ગમે ત્યાં આવી જાય છે. સાધનાબેને પોતાનો બચાવ કરતા જવાબ આપ્યો હતો કે ટાઉન પ્લાનિંગ થયેલું છે. પંચાયતમાં સરપંચ બદલાયા કરે છે અને પૈસા વગર કોઈના કામ થતા નથી એવો આક્ષેપ કર્યો હતો. સરપંચ કરસનભાઈએ ધારાસભ્યને જણાવ્યું હતું કે ગૌચરણમાં દુકાનો તાણી બાંધી ત્યારે આમાંથી કેટલાક સભ્ય પણ હતા તે વખતે કેમ કોઇ બોલ્યા નહીં ત્યારે તો શોપિંગ સેન્ટરમાં દુકાનો બુક કરાવવા દોડાદોડી કરતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બેઠક દરમિયાન સોળસુંબા ગ્રામ પંચાયતમાં ચાલતી આંતરિક ખેંચતાણ સપાટી પર આવેલો જોવા મળ્યો હતો, જેથી ધારાસભ્ય તથા ઉપસ્થિત અધિકારી પણ આશ્ચર્યમાં પડી ગયા હતા.

## ઉમરગામમાં 4 ઇંચ વરસાદથી ત્રણ કોઝવે ઉપર પાણી ફરી વળ્યા

**ગોવાડા** કંકરાડી ભીલાડ સંજાણ રેલવે અન્ડર પાસમાં પાણી ભરાતા બંધ કરાયો

**ડેમમાંથી** પાણી છોડાવવામાં આવતા દમણ ગંગા નદી કિનારાના ગામોને એલર્ટ કરાયા



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામમાં સતત ત્રીજા દિવસે 24 કલાકમાં 96 મીમી (3.84 ઇંચ) ધોધમાર વરસાદથી નીચાણવાળા ત્રણ જેટલા કોઝવે ઉપર પાણી ફરી વળતા બંધ કરવામાં આવ્યા હતા. ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદી કિનારાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. ગોવાડા કંકડારી ભીલાડ સંજાણ રેલવે અન્ડર પાસમાં પાણી ભરાતા બંધ હોય લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે. ભારે વરસાદથી ઉમરગામ ટાઉન, સ્ટેશન રોડ, કલ્પતરુ પાસે બાલાજી રોડ ઉપર પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. ટેંભી વારોલી સ્મશાન તરફ જતો નીચાણવાળો રસ્તા ઉપર પાણી ભરાતા બંધ કરવો પડ્યો હતો. પુનાટ જંબુરી કોઝવે પુલ ઉપર પાણી ફરી વળતા બંધ કરવો પડ્યો હતો. નાહુલી ગોદરપાડા કોઝવે ઉપર પણ પાણી ફરી વળતા સુરક્ષાને ધ્યાનમાં લઈને બંધ કરાતા લોકોએ હાલાકી વેઠવી પડી હતી. મધુબન ડેમમાંથી પાણી છોડવામાં આવતા ઉમરગામ તાલુકામાં દમણ ગંગા નદી કિનારેના ગામો વલવાડા નાહુલી બોરીગામ કચીગામ અચ્છારી જંબુરી મોહનગામ એકલારા ગામને એલર્ટ કરવામાં આવ્યા હતા. ઉમરગામ મામલતદાર ફ્લડ કંટ્રોલ રૂમના જણાવ્યા પ્રમાણે મોસમનો કુલ વરસાદ 1730 મી મી (69.2 ઇંચ) જેટલો નોંધાવા પામ્યો છે.

## મધુબન ડેમના 10 દરવાજા ખોલી 1.21 લાખ ક્યુસેક પાણી છોડવાનું શરૂ

**ડેમમાં** પાણીની આવક 103214 ક્યુસેક અને પાણીની જાવક 120745 ક્યુસેક

**સેલવાસમાં** 2.81 ઇંચ અને ખાનવેલમાં 6.82 ઇંચ વરસાદ

વલસાડ : ઉપરવાસમાં ભારે વરસાદ હોવાને કારણે મધુબન ડેમમાં પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. મધુબન ડેમનું લેવલ 76.35 મીટર છે. ડેમમાં પાણીની આવક 103214 ક્યુસેક છે અને પાણીની જાવક 120745 ક્યુસેક છે. ડેમના 10 દરવાજા 2.50 મીટર ખોલવામાં આવ્યા છે. હવામાન વિભાગ દ્વારા હજીપણ બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દાનહ પ્રશાસન દ્વારા દમણગંગા નદીમાં પાણીની આવક વધવાને કારણે કિનારાના લોકોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે. ઉપરાંત સેલવાસમાં 71.4 એમએમ 2.81 ઇંચ અને ખાનવેલમાં 173.2 એમએમ 6.82 ઇંચ વરસાદ પડ્યો છે.


+ એન્જલ હોસ્પિટલ +

સ્ટાફ જોઈએ છે.

(આકર્ષક પગાર)

• બિલીંગના અને મેડિકલેમના કામ કરે તેવા
• રિસેપ્શનીસ્ટ (ફક્ત લેડિઝ)

ઈન્ટરવ્યુ સમય : સવારે 10 થી 12 કલાક

ઈન્ટરવ્યુ સ્થળ : એન્જલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, જુની મામલતદાર કચેરી પાસે ને.હા.નં.-48, પારડી

સંપર્ક : Mo.: 0260-2371111, 9512011111



TIME TECHNOPLAST LTD.
Bringing Polymers To Life

નોંધણીકૃત કાર્યાલયઃ ૧૦૧, પહેલો માળ, સેન્ટર પોઈન્ટ, સોમનાથ દમણ રોડ, સોમનાથ, દાભેલ, નાની દમણ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, (યુ.ટી.) ૩૯૬૨૧૦
કોર્પ. કાર્યાલયઃ ૫૫, કોર્પોરેટ એવન્યુ, સાકી વિહાર રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૨.
ટેલિફોન નંબરઃ ૯૧-૨૨-૭૧૧૧ ૯૯૯૯; વેબસાઇટઃ www.timetechnoplast.com
ઇમેઇલઃ investors@timetechnoplast.com CIN: L27203DD1989PLC003240

35મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટિંગ
માહિતી અને રેકોર્ડ તારીખની નોટિસ

આ દ્વારા નોટિસ આપવામાં આવે છે કે કંપનીની 35મી વાર્ષિક સામાન્ય સભા (''AGM'') ગુરુવાર, 11 સપ્ટેમ્બર, 2025ના રોજ સાંજે 04:00 વાગ્યે (IST) વીડિયો કોન્ફરન્સિંગ (''VC'')/અન્ય ઓડિઓ વિઝ્યુઅલ માધ્યમો (''OAVM'') દ્વારા યોજાશે, જેથી કંપનીની 35મી AGM બોલાવવાની નોટિસમાં દર્શાવેલ વ્યવસાયોનું સંચાલન કરી શકાય.

કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જારી કરાયેલા જનરલ પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (SEBI) (ત્યારબાદ સામૂહિક રીતે ''પરિપત્રો'' તરીકે ઓળખાય છે) દ્વારા 3 ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ જારી કરાયેલા પરિપત્ર નં. SEBI/HO/CFD/ CFDPOD2/P/CIR/2024/133 અનુસાર, કંપનીએ ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક અહેવાલ સાથે ૩૫મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ એવા સભ્યોને મોકલી છે જેમના ઈ-મેઇલ સરનામાં કંપની/રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA) MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DP) સાથે નોંધાયેલા છે. સેબી (LODR) રેગ્યુલેશન્સ, 2015 ના નિયમન 36(1)(b) ના પાલનમાં કંપની એવા સભ્યોને પત્ર મોકલી રહી છે જેમના ઈ-મેઇલ સરનામાં કંપની/RTA/DP સાથે નોંધાયેલા નથી, જેમાં કંપનીની વેબસાઇટ પર વાર્ષિક અહેવાલ ક્યાં અપલોડ કરવામાં આવ્યો છે તે ચોક્કસ પાથ સહિત વેબ-લિંક પ્રદાન કરવામાં આવી છે. 35મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ સાથે વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.timetechnoplast.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ એટલે કે BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

મીટિંગ પહેલાં રિમોટ ઇ-વોટિંગ, VC/OAVM દ્વારા મીટિંગમાં જોડાવા, મીટિંગ દરમિયાન રિમોટ ઇ-વોટિંગ, ઇ-મેઇલ સરનામાંની નોંધણી, ફરજિયાત KYC દસ્તાવેજો અપડેટ કરવા અને ઇલેક્ટ્રોનિક માધ્યમથી ડિવિડન્ડ મેળવવા માટે કંપની સાથે સભ્યોની બેંક વિગતો અંગે વ્યાપક માર્ગદર્શન AGMની નોટિસના 'નોટ્સ' વિભાગમાં ઉપલબ્ધ છે.

રેકોર્ડ તારીખઃ
સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૨ અનુસાર, કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ડિવિડન્ડ મેળવવા માટે હકદાર સભ્યો નક્કી કરવા માટે ગુરુવાર, ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ને રેકોર્ડ તારીખ તરીકે નક્કી કરી છે.

ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મતદાનઃ
કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈઓ, જે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૫ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવે છે અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪, ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ સામાન્ય સભાઓ પર સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ-૨ (SS-૨) અનુસાર, કંપની સભ્યોને ઇલેક્ટ્રોનિક માધ્યમથી AGMમાં પસાર થવાના પ્રસ્તાવિત ઠરાવો પર મતદાન કરવાનો અધિકાર પ્રદાન કરી રહી છે અને MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા https://instavote.linkintime.co.in પર પૂરી પાડવામાં આવતી ઇ-વોટિંગ સેવાઓ (''રિમોટ ઇ-વોટિંગ'') દ્વારા વ્યવસાયનું સંચાલન કરી શકાય છે. રિમોટ ઇ-વોટિંગ સુવિધા માટેની વિગતવાર સૂચનાઓ AGMની સૂચનામાં સમાવિષ્ટ છે, જે સભ્યોને મોકલવામાં આવી છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ અને નિયમોની જોગવાઈઓ અનુસાર વિગતો નીચે મુજબ આપવામાં આવી છેઃ

1. રિમોટ ઈ-વોટિંગના હેતુ માટે કટ-ઓફ તારીખઃ ગુરુવાર, ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ છે.
2. રિમોટ ઈ-વોટિંગ શરૂ થવાની તારીખ અને સમયઃ શનિવાર, ૦૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ સવારે ૦૯:૦૦ વાગ્યા (IST)થી.
3. રિમોટ ઈ-વોટિંગ સમાપ્ત થવાની તારીખ અને સમયઃ બુધવાર, ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સાંજે ૦૫:૦૦ વાગ્યા (IST) સુધી. ત્યાર બાદ ઈ-વોટિંગ બંધ કરવામાં આવશે અને સભ્યોને ઉપરોક્ત તારીખ અને સમય પછી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
4. જે વ્યક્તિનું નામ ફક્ત કટ-ઓફ તારીખે સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલું હશે, તે વ્યક્તિ વાર્ષિક સામાન્ય સભામાં રિમોટ ઈ-વોટિંગ તેમજ ઈ-વોટિંગની સુવિધાનો લાભ લેવા માટે હકદાર રહેશે.
5. નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર ખરીદનાર અને કંપનીના સભ્ય બનનાર કોઈપણ વ્યક્તિ, કટ-ઓફ તારીખ એટલે કે ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ શેર ધરાવે છે, તે enotices@in.mpms.mufg.com પર વિનંતી મોકલીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.
6. જે શેરધારકોએ AGMમાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ VC/OAVM દ્વારા યોજાનારી AGMમાં પણ હાજરી આપી શકે છે, પરંતુ તેઓ ફરીથી પોતાનો મત આપવા માટે હકદાર રહેશે નહીં. એકવાર શેરધારક દ્વારા ઠરાવ પર મતદાન થઈ જાય, પછી તેમને તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
7. બોર્ડે મેસર્સ અરુણ દાશ એન્ડ એસોસિએટ્સના પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી (સભ્યપદ નં. F9765) એકમાત્ર માલિક શ્રી અરુણ દાશને AGMમાં રિમોટ ઈ-વોટિંગ અને મતદાન પ્રક્રિયાને વાજબી અને પારદર્શક રીતે ચકાસવા માટે સ્ક્રુટિનાઇઝર તરીકે નિયુક્ત કર્યા છે.
8. વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં દર્શાવેલ ઠરાવો પર મતદાનના પરિણામો વાર્ષિક સામાન્ય સભા પછી જાહેર કરવામાં આવશે. સ્ક્રુટિનાઇઝરના અહેવાલ સાથે જાહેર કરાયેલા પરિણામો કંપનીની વેબસાઇટ www.timetechnoplast.com અને MUFG ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડની વેબસાઇટ https://instavote.linkintime.co.in પર, વાર્ષિક સામાન્ય સભાના સમાપન પછીના 2 કાર્યકારી દિવસોમાં મૂકવામાં આવશે અને પરિણામો સ્ટોક એક્સચેન્જને પણ જણાવવામાં આવશે.
9. ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં સભ્યો/લાભાર્થી માલિકો વેબસાઇટ https://instavote.linkintime.co.in પર મદદ વિભાગ હેઠળ ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો અને InstaVote ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે, અથવા enotices@in.mpms.mufg.com પર ઇમેઇલ મોકલી શકે છે અથવા +91 (022) 4918 6175/4918 6000 પર સંપર્ક કરી શકે છે.

ટાઈમ ટેક્નોપ્લાસ્ટ લિમિટેડ માટે
એસડી/-
મનોજ કુમાર મેવારા
સિનિયર VP ફાઇનાન્સ અને કંપની સેક્રેટરી

તારીખઃ 19 ઓગસ્ટ, 2025

